# બટકબોલી રોટલી



એક નાનકડો છોકરો. આખો દિવસ પતંગ ઊડાડે , રેતીમાં રમે અને દડા-બેટથી રમે. રમીને આવે એટલે હાથ-પગ મમ્મીનું ધ્યાન હોય તો ધુએ નહીંતર જમવા બેસી જાય.

એક દિવસ હરિ જમવા બેઠો. હરિએ થાળીમાં રોટલી લઈ ખાવા માટે બટકું તોડ્યું.

ત્યાં જ રોટલી બોલી, 'થોભો થોભો હરિભાઈ, આમ મને તોડશો નહીં.'

હરિએ આજુબાજુ જોયું ત્યાં કોઈ ન હતું. ફરી રોટલીને અડવા ગયો. થાળીમાંથી રોટલી બોલી...'હરિભાઈ,

મને અડશો નહીં ,

મને તોડશો નહીં.

મને ખાશો નહીં. '

હરિએ થાળીમાં જોયું તો રોટલીબેન રિસાઈ ગયા હતા, તેણે કહ્યું...

'શી વાત છે રોટલીબેન ?'

'તમે કેમ રિસાયા છો ?'

રોટલી બોલી, 'હરિભાઈ તમારા હાથ તો જુઓ !'

કેમ વળી ? મારા હાથથી તો રોજ હું તમને ખાઉં છું. જલદી બોલો , મને ખૂબ ભૂખ લાગી છે !' હરિ બોલ્યો.

રોટલીબેન ફરી બોલ્યાં :
ધૂળમાં તમે રમો છો.
હાથ ગંદા કરો છો.
અમને કેમ અડો છો ?'
હરિએ ગુસ્સાથી કહ્યું, 'શું વળી ? ધૂળમાં ના રમું તો ક્યાં રમું ? મને તો શેરીમાં રમવું ગમે છે. હવે તો હું તમને ખાઈ જવાનો.....
ફરી રોટલીબેન બોલ્યાં,
'હાથ ગંદા ધોઈ આવો,
ચોખ્ખાં ચોખ્ખાં કરી આવો,
પછી અમને આરોગજો.'
'પણ રોટલીબેન તમને વાંધો શું છે ? એ તો કહો.' હરીએ ગુસ્સામાં કહ્યું.
રોટલીએ મરક મરક હસતાં કહ્યું,

"હરિભાઈ અમે તો તમારી
સેવામાં હાજર જ છીએ
પણ જુઓ, તમારા હાથ...."
હરિભાઈએ હાથ સામે
જોયું. ફરી કહ્યું,

'પણ...એય રોટલી, ગંદા હાથ મારા છે. તારે વળી શું ? ચાલ મૂંગી થઈ જા....'
રોટલીબેને કહ્યું 'હરિભાઈ હું તો મૂંગી થઈ જઈશ , પણ તમારા પેટમાં જઈ હું ફરી બોલીશ..હોં...'
'હેં એ ....' હરિએ પૂછ્યું, 'શા માટે ? એવું શા માટે ? પેટમાં જઈ બોલશો ?'
'જુઓ હરિભાઈ ગંદા હાથે તમે મને ખાશો તો આ ધૂળ તમારા હાથ પર ચોંટી છે તે મારી સાથે પેટમાં જશે ....'
હરિને વાતમાં રસ પડયો, એ હાથ સામું જોઈ સાંભળવા લાગ્યો.
રોટલીબેન એ જોઈ બોલ્યાં, 'હરિભાઈ પછી ધૂળ તમારા પેટમાં જમા થશે અને તમને રોગ થશે.'
'હેં... એ... સાચ્ચે જ ?' હરિએ પૂછી નાખ્યું.

’હા, હા, હરિભાઈ ! તમે બીમાર થશો પછી કડવી કડવી દવા પીવી પડશે. ’ રોટલીબેન બોલ્યાં.

હરિ બોલી ઊઠયો, ‘મને તો કડવી દવા પીવી ન ગમે, બીમાર થઈ સૂઈ રહેવું ન ગમે... મને તો જરાય ન ગમે.’

’તો... હરિભાઈ ધોઈ આવો હાથ.’ રોટલી બોલી.

હરિભાઈ બોલ્યા, ‘રોટલીબેન, તમારી વાત સાચી છે. હું દરરોજ હાથ ધોઈને પછી જ તમને ખાઈશ.’

રોટલીબેન મલકાયા અને કહ્યું, ‘તો વાર કેટલી ઊઠો હરિભાઈ.’

હરિભાઈ ઊઠયા અને બાથરૂમમાં જઈ હાથ-મોં ધોઈ આવ્યા.

રોટલીબેને કહ્યું, ‘હરિભાઈ તમે મારી વાત સમજયા તો ખરા !’

બટકબોલી રોટલીબેન બોલી પડયાં :

‘વાહ ભૈ વાહ,
‘વાહ ભૈ વાહ,
હાથ કરીને સાફ ,
રોટલી કરો .... સાફ ... ’

હરિભાઈ રોટલી ખાતાં ખાતાં બોલ્યા.

‘વાહ ભૈ વાહ,
રોટલીબેન ,
વાહ ભૈ વાહ ’

- ભરતભાઈ દવે
(બટુક બોલી રોટલી